# લખતર નજીક ડમ્પરની અડફેટે સાત પદયાત્રીના મોત

**ભરવાડ** સમાજનો પગપાળા સંઘ લખતરના છારદ ગામ પાસેથી નાઈટ હોલ્ડ માટે જઈ રહ્યો હતો

**ચાર** પદયાત્રી ગંભીર રીતે ઘવાતા સારવાર હેઠળ



રાજકોટ : ગુજરાતના ધોરીમાર્ગો પર રક્તરંજિત અકસ્માતોનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. આજે વહેલી સવારના સુમારે સુરેન્દ્રનગર જિલ્લાના લખતર-વિરમગામ હાઈવે પર એક કાળજું કંપાવી દે તેવી દુર્ઘટના આકાર પામી છે. લખતરના ભાસ્કરપરા ગામના સીમાડે હાઈવે પર બેફામ ગતિએ દોડતા એક ડમ્પર ચાલકે શ્રદ્ધાના માર્ગે નીકળેલા પદયાત્રીઓના સંઘને કચડી નાખતા કુલ 7 લોકોના ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યા મોત નિપજ્યા છે. જ્યારે અંદાજે 4થી વધુ પદયાત્રીઓ ઘાયલ થયા છે.

આ ઘટનામાં રાજકોટથી ભરવાડ સમાજનો પગપાળા સંઘ લખતરના છારદ ગામ પાસેથી નાઈટ હોલ્ડ માટે જઈ રહ્યો હતો, ત્યારે મધ્ય રાત્રે રસ્તામાં એક ટ્રક ચાલક પોતાના ટ્રકનું ટાયર બદલી રહ્યો હતો, ત્યારે એનાથી સાઈડમાં આવીને આગળ જઈ રહેલા લોકો પર પાછળથી આવતી ટ્રક ફરી વળતા છ પદયાત્રીઓ અને રસ્તામાં ટ્રકનું ટાયર બદલી રહેલા યુવાન પર બેકાબુ ટ્રક ફરી વળતા કુલ સાત લોકોના મોત નીપજ્યા હતા, ઈજાગ્રસ્તોને સારવાર અર્થે રાજકોટ લઇ જવામાં આવ્યા છે. અને અકસ્માત સર્જનારા ટ્રક ચાલક આદિત્ય રમેશભાઈ ગોકનીયાને પકડી લેવામાં આવ્યો છે, જે લખતર તાલુકાના ઝામર ગામનો જ છે અને આ ટ્રક રાજકોટથી લખતર તરફ આવી રહી હતી.

આ ગોઝારી ઘટનાની જાણ થતાં ગેડીયાના મહંત લાલદાસ બાપુ અને ધારા સભ્ય પી.કે. પરમાર પણ તાકીદે ઘટના સ્થળે દોડી ગયા હતા. અને મૃતક ભરવાડ સમાજના પરિવારજનોને મળીને સાંત્વના પાઠવી હતી. ત્યારે ધારા સભ્ય પી.કે. પરમારે આ બનાવ વિશે વાત કરતા જણાવ્યું હતું કે,' રાજકોટના દત્તા ગામથી ઠાકરના દર્શન કરી મુંધવા પરિવારનો સંઘ વિરમગામ રાજબઈ માની ધજા ચઢાવી અને મેરા ગામે મહાદેવ મંદિરે કથા હતી ત્યાં જવાનો હતો. અકસ્માતમાં.

### 10થી 12 જેટલા લોકો ઈજાગ્રસ્ત: MLA

લખતર વિરમગામ હાઈવે પર વિઠ્ઠલગઢ પાસે છારદમાં રાત્રી રોકાણ કરી છારદથી ચાલતા વિઠ્ઠલગઢ બાજુ જતા હતા, ત્યારે ટ્રકમાં ટાયર બદલવાનું કામ ચાલતું હતું, ત્યારે આ પગપાળા સંઘ પર પાછળથી એક સ્પીડમાં આવતા ડમ્પરે પાંચ મહિલાઓ અને એક પુરુષ પરથી પસાર થઈ જતા એમના કરુણ મોત નીપજ્યા હતા. અકસ્માતમાં 10થી 12 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. એમને હોસ્પિટલમાં દાખલ કર્યા છે. અને મૃતકોનું પોસ્ટ મોર્ટમ થઇ ગયું છે, હું મૃતક પરિવારજનોને સાંત્વના પાઠવું છું, અને પરિવાર પર આવેલી આ દુ:ખદ ઘટના માટે સંવેદના પાઠવું છું. મારી સાથે ભરવાડ સમાજની ગેડીયા જગ્યાના મહંત લાલદાસ બાપુ સહિતના ભરવાડ સમાજના લોકો મોટી સંખ્યામાં અહીં પહોંચ્યા છે.'

### રાજકોટ જિલ્લાના મૃતકોના નામ

1) મસાભાઈ કરશનભાઇ મુંધવા, ઉંમર વર્ષ - 59
2) જાલુબેન મસાભાઈ કરશનભાઇ મુંધવા, ઉંમર વર્ષ - 57
3) રાણીબેન મંગાભાઇ લોબરીયા, ઉંમર વર્ષ - 45
4) જાલુબેન વેલાભાઈ મુંધવા, ઉંમર વર્ષ - 45

મોરબીના મૃતકોના નામ

5) વિજુબેન પ્રવીણભાઈ મુંધવા, ઉંમર વર્ષ -45
6) વજીબેન વિભાભાઈ મુંધવા, ઉંમર વર્ષ -52

સુરેન્દ્રનગર જિલ્લાના મૃતક

7) જયદીપભાઈ હરદીપભાઇ સાપરા, ગામ શીયાણી

### એકજ ઘરના ચાર લોકો મૃત્યુ પામ્યા

મૃતકના પરિવારજન વનરાજભાઈ મુંધવા જણાવે છે કે, ભોગ બનનારમાં મારા મોટા બાપુ પણ છે તેઓ અહીંથી કાલે બપોરે 3 વાગ્યે નીકળ્યા હતા. ગત રાત્રે 1.20 વાગ્યે આ બનાવ બન્યો.મારા મોટાબાપુ, મારા મોટીમાં, મારા ફઈ, મારા ભાભી એક જ ઘરના ચારેય મૃત્યુ પામ્યા છે.પરિવાર પર આભ ફાટી પડ્યું છે ઘટનાના પગલે દસાડા લખતરના ધારાસભ્ય પી. કે. પરમાર, ઇન્ચાર્જ એસપી વેદિકા બિહાની ઘટના સ્થળે પહોંચ્યા હતા. ટ્રક ડ્રાઈવરની અટકાયત કરી લેવામાં આવી છે. 6 મૃતકોને રાજકોટ તેમના વતન લઈ જવાયા છે, જ્યાં તેમના અંતિમ સંસ્કાર થશે. સંઘ લખતર વિરમગામ હાઈવે પર વિઠ્ઠલગઢ પાસે છારદમાં રાત્રી રોકાણ કરી છારદથી ચાલતા વિઠ્ઠલગઢ બાજુ જતા હતા. આ દુર્ઘટનામાં મસાભાઇ કરશનભાઈ મુંધવા, જાલુબેન મસાભાઇ મુંધવા, રાણીબેન મંગાભાઇ લાંબરીયા, અને વજીબેન વીભાભાઇ મુંધવા સહિત કુલ 7 લોકોના પ્રાણ પંખેરુ ઉડી ગયા હતા. ઘટનાની જાણ થતા જ લખતર પોલીસ કાફલો ત્વરિત ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે લખતર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા ગેડીયા મહંત સહિત વિવિધ સમાજના અગ્રણીઓ હોસ્પિટલ દોડી આવ્યા હતા.

શાળાઓમાં CT અને AI શિક્ષણને વેગ આપવા

# ધોરણ ૩ થી ૮ માટે CBSEના નવા રિસોર્સ બુક જાહેર

**NEP** અને NCFSE-2023 મુજબ ટેક્નોલોજી આધારિત શિક્ષણ પર ભાર મુકાયો

**વિદ્યાર્થીઓમાં** વિચારશક્તિ, સમસ્યા નિરાકરણ અને નૈતિક સમજ વિકસાવવાનો હેતુ

સુરતઃ કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) દ્વારા ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટેશનલ થીંકીંગ અને આર્ટીફીશીયલ ઈન્ટેલિજન્સ (CT અને AI) વિષયક નવા સ્ટુડન્ટ્સ અને ટીચર્સ હેન્ડબુક (રિસોર્સ બુક) જાહેર કરવામાં આવ્યા છે. આ પહેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) અને NCFSE-2023ના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓને ભવિષ્યના ટેક્નોલોજી ક્ષેત્રમાં આગળ વધારવા માટે કરવામાં આવી છે.

નવી શિક્ષણ પદ્ધતિ અંતર્ગત વિદ્યાર્થીઓને માત્ર AI નહીં પરંતુ વિશાળ સ્તરે કોમ્પ્યુટેશનલ થીંકીંગ (CT) શીખવવામાં આવશે, જેમાં સાયબરસિક્યોરિટી, નેટવર્કિંગ જેવા મૂળભૂત વિષયોનો પણ સમાવેશ થાય છે. CBSE દ્વારા આ અભ્યાસક્રમમાં AI, CT અને નૈતિકતા સાથે "અનપ્લગ્ડ્ લર્નિંગ"નો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી વિદ્યાર્થીઓમાં તર્કશક્તિ અને સર્જનાત્મકતા વિકસે. આ રિસોર્સ બુક ટેક્સ્ટબુક તરીકે નહીં પરંતુ NCERTના ગણિતના પાઠ્યપુસ્તક સાથે સહાયક સામગ્રી તરીકે તૈયાર કરવામાં આવ્યા છે. ગણિતના ચેપ્ટર મુજબ જ તેમાં પ્રશ્નો અને પ્રવૃત્તિઓ ગોઠવવામાં આવી છે, જેથી શિક્ષકો સરળતાથી રોજિંદા શિક્ષણમાં તેનો સમાવેશ કરી શકે. શિક્ષકોને સૂચના આપવામાં આવી છે કે તેઓ પ્રશ્નોના સીધા જવાબ આપવાના બદલે વિદ્યાર્થીઓને વિચારવા પ્રેરિત કરે અને ચર્ચા દ્વારા ઉકેલ તરફ દોરી જાય. અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને પાવર અને નંબર સિસ્ટમ, પ્રોપોર્શનલ રીઝનિંગ, જ્યોમેટ્રિક પેટર્ન અને એલ્ગોરિધમ ડિઝાઈન જેવા વિષયો પર કાર્ય કરાવવામાં આવશે. સાથે સાથે AIના પ્રોજેક્ટ લાઈફસાયકલ, ડેટા આધારિત નિર્ણય પ્રક્રિયા અને બાયસ તથા ફેરનેસ જેવા નૈતિક મુદ્દાઓ પર પણ સમજણ આપવામાં આવશે.

### ધોરણ ૯થી ૧૨ માટે NCERT દ્વારા નવા મોડ્યુલ તૈયાર કરાશે

CBSEએ સ્પષ્ટ કર્યું છે કે 2026-27થી ધોરણ ૯માં ચાલી રહેલા અન્ય AI કોર્સ બંધ કરવામાં આવશે, જ્યારે ધોરણ ૧૦ માટે હાલની પદ્ધતિ ચાલુ રહેશે. ધોરણ ૯થી ૧૨ માટે NCERT દ્વારા નવા મોડ્યુલ તૈયાર કરવામાં આવશે. આ રિસોર્સ બુક CBSEની સત્તાવાર વેબસાઇટ પર ઉપલબ્ધ છે અને તમામ શાળાઓને તેને ડાઉનલોડ કરીને વર્ગખંડમાં ઉપયોગ કરવા માટે સૂચના આપવામાં આવી છે. શિક્ષણ પદ્ધતિમાં મુખ્ય ભાર યોગ્ય જવાબ કરતાં વિચાર કરવાની પ્રક્રિયા પર રહેશે, જેથી વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસી અને સ્વતંત્ર વિચારક બની શકે.

# 77 કરોડના સાયબર ફ્રોડમાં 16 આરોપી ઝડપાયા

**72 મોબાઇલ** ફોન, 15 લેપટોપ, 126 સિમ કાર્ડ, 115 ડેબિટ કાર્ડ કબજે લેવાયા

**80 પાસબુક** અને 15 ચેકબુક, બેંક ખાતાની વિગતવાળા ડેટા સહિતના દસ્તાવેજ જપ્ત

ગાંધીનગર : રાજ્યમાં વધતા સાયબર ક્રાઇમને કાબૂમાં લેવા માટે CID ક્રાઇમ દ્વારા હાથ ધરાયેલી સઘન કામગીરી દરમિયાન એક મોટા આંતરરાજ્ય સાયબર ઠગાઇ ગેંગનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.

આ કાર્યવાહીમાં કુલ 16 આરોપીઓને ઝડપવામાં આવ્યા છે, જેમણે મળીને અંદાજે રૂ. 77 કરોડથી વધુની ઠગાઇ આચરી હોવાનું સામે આવ્યું છે.

રાજ્ય સીઆઈડી ક્રાઇમના પોલીસ મહાનિરીક્ષક (ક્રાઇમ-4) બિપિન આહિરેના માર્ગદર્શન હેઠળ પોલીસ અધિક્ષક ડો. રાજદીપસિંહ ઝાલાના સુપરવિઝનમાં ડી.વાય.એસ.પી. કે.બી. દેસાઈની ટીમે વડોદરા, પાલનપુર અને ગોવામેં દરોડો પાડી 77 કરોડના સાયબર ક્રાઇમ ઠગાઈ કેસમાં 16 આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી 72 મોબાઇલ ફોન, 15 લેપટોપ, 126 સિમ કાર્ડ, 115 ડેબિટ કાર્ડ, 80 પાસબુક અને 15 ચેકબુક, બેંક ખાતાની વિગતવાળા ડેટા અને દસ્તાવેજો જપ્ત કર્યા છે.

સીઆઈડી ક્રાઇમની ટીમે વડોદરાથી ધરપકડ કરેલા આરોપી હિરણ જોષી મુખ્ય સુત્રધાર હોવાનું સામે આવ્યું છે, જે મ્યુલ એકાઉન્ટ નેટવર્ક ચલાવતો હતો. અન્ય આરોપીઓએ નકલી ફર્મો બનાવી અનેક બેંક ખાતાઓ ખોલાવ્યા હોવાનું બહાર આવ્યું છે.

સીઆઈડી ક્રાઈમના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ ગેંગ પૂર્વ આયોજન સાથે નકલી ફર્મોના નામે બેંક ખાતાઓ ખોલાવતું અને અન્ય લોકોના નામે પણ ખાતાઓ ખોલાવતા હતા, ત્યારબાદ આ ખાતાઓની માહિતી અને સિમ કાર્ડ મેળવી સાયબર ફ્રોડ તથા ઓનલાઇન ગેમિંગ દ્વારા મળેલા નાણાંની હેરફેર કરવામાં આવતી. આરોપીઓ એકબીજાની મદદથી આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવતા હતા.

આ ઉપરાંત પાલનપુરમાંથી ધરપકડ કરાયેલા આરોપીઓ મીત રતીલાલ શ્રીમાળી અને મેહુલ બાબુભાઈ સોલંકીએ ખાતાઓ એકત્ર કરી મુખ્ય આરોપી સુધી પહોંચાડતા હતા. ટેક્નિકલ એનાલિસિસમાં ખુલ્યું કે આ સમગ્ર નેટવર્ક ગોવાથી ઓપરેટ થતું હતું. ગોવાથી વધુ 9 આરોપીઓને ઝડપવામાં આવ્યા, જે સાયબર ફ્રોડ અને ગેમિંગના નાણાં ટ્રાન્સફર કરતા હતા.

સીઆઈડી ક્રાઇમની વધુ તપાસ દરમિયાન બહાર આવ્યું હતુ કે કે આ ગેંગ દ્વારા દેશભરમાં 375થી વધુ સાયબર ફ્રોડના ગુનાઓ આચરવામાં આવ્યા છે.

1930 સાયબર હેલ્પલાઇન પોર્ટલ પર પણ આ સંબંધિત ફરિયાદો નોંધાઈ છે. આ ગેંગ દ્વારા ડિજિટલ અરેસ્ટ ફ્રોડ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, UPI ફ્રોડ, લોન અને ડિપોઝિટ ફ્રોડ, પાર્ટ-ટાઈમ જોબ ફ્રોડ, ગેમિંગ ફ્રોડ, વિદેશી કનેક્શન પણ સામે આવ્યું છે.

આરોપીઓના મોબાઇલ ફોનમાંથી મળેલી માહિતી મુજબ, તેઓ દુબઈ સહિતના અન્ય દેશોના વ્યક્તિઓ સાથે વોટ્સએપ અને ટેલિગ્રામ મારફતે સંપર્કમાં હતા અને બેંક એકાઉન્ટની વિગતો શેર કરતા હતા.

પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે અને ગેંગ સાથે જોડાયેલા અન્ય શખ્સોની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

### વડોદરાથી ધરપકડ કરાયેલા આરોપીઓ

હકરણ કરશનભાઇ જોષી (રહે. થરાદ)
સિદ્ધરાજ શિરવાડિયા (રહે. થરાદ)
મહેશ લાલજી જોષી (રહે. કાંકરેજ)
જીગર રાજુભાઇ સોલંકી (રહે. પાલનપુર)
પ્રકાશ રામજીભાઇ જોષી (રહે. ઓગડ)

### પાલનપુરથી ધરપકડ કરાયેલા આરોપીઓ

મીત રતિલાલ શ્રીમાળી (રહે. પાલનપુર)
મહુલ બાબુભાઇ સોલંકી (રહે. પાલનપુર)

### ગોવાથી ધરપકડ કરાયેલા આરોપીઓ

જીતુ ઠક્કર (રહે. પાટણ)
સાહિલ પ્રજાપતિ (રહે. પાટણ)
જયમીન જગદીશભાઇ પ્રજાપતિ (રહે. પાટણ)
વિજય સુરેશભાઇ નાઈ (રહે. મડાણા)
હિતેષ અજમલ ઠાકોર (રહે. જંગરાલ, પાટણ)
ધ્રુવ ચૌધરી (રહે. મામવાડા, સિદ્ધપુર)
અનિલ કેશરભાઇ ચૌધરી (રહે. મામવાડા, સિદ્ધપુર)
આશિષ કરશનભાઇ ચૌધરી (રહે. વરસડા, પાલનપુર)
નરેશ ખારશન (રહે. કાણોદર, પાલનપુર)

# રાજકોટ 42 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર

**આગામી** 5 દિવસ ગુજરાતમાં તાપમાન 40 ડિગ્રીની આસપાસ રહેવાની આગાહી

અમદાવાદ : ગુજરાતમાં ઉનાળો હવે તેના આકરા મિજાજમાં જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના તાજા અહેવાલ મુજબ, રાજ્યમાં રાજકોટ 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. તેની સાથે જ ભુજ, કંડલા પોર્ટ, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં પણ પારો 41 ડિગ્રી સુધી પહોંચી ગયો છે, જેના કારણે બપોરના સમયે કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. જેમાં રાજકોટ 42 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર છે. જ્યારે ભુજ, કંડલા પોર્ટ, સુરેન્દ્રનગર, અમદાવાદમાં 41 ડિગ્રી તાપમાન નોંધાયું છે. ગાંધીનગર, વડોદરા, ડીસા, કેશોદ, કંડલા એરપોર્ટ, વલ્લભ વિદ્યાનગરમાં 40 ડિગ્રી ઉપરાંત સુરત, ભાવનગર, નલિયામાં 39 ડિગ્રી તાપમાન રહ્યું હતું 35 થી 38 ડિગ્રી વચ્ચેનું તાપમાન પોરબંદર, દમણ અને મહુવા નોંધાયું હતું હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, દક્ષિણ-પૂર્વ પાકિસ્તાન અને તેની આસપાસના રાજસ્થાન પર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયેલું છે. જેના કારણે આગામી 7 દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી, પરંતુ ગરમીનું જોર યથાવત રહેશે. આગામી 5 દિવસ દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના છૂટાછવાયા વિસ્તારોમાં પારો 40 ડિગ્રીથી ઉપર જવાની પૂરેપૂરી સંભાવના છે.

# સગા મામાએ ૧૪ વર્ષીય ભાણીને બનાવી ગર્ભવતી

**માતા-પિતાના** છૂટાછેડા બાદ માતા પાસે જતી કિશોરી પર નરાધમ મામાએ છ મહિના સુધી ગુજાર્યો અત્યાચાર

**દાદીની** સતર્કતાથી મામાની હવસખોરીનો ચોપડો ખુલ્લો પડી ગયો

સુરતઃપાંડેસરા વિસ્તારમાં સંબંધોને શર્મસાર કરતી એક અત્યંત ગંભીર અને ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. સમાજમાં જેને રક્ષક માનવામાં આવે છે તેવા સગા મામાએ જ ૧૪ વર્ષીય સગીર ભાણીને પોતાની હવસનો શિકાર બનાવી ગર્ભવતી કરી દેતા સમગ્ર પંથકમાં ભારે રોષ અને ફિટકારની લાગણી જન્મી છે. પાંડેસરા પોલીસે આ નરાધમ રિક્ષાચાલક મામાની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ પાંડેસરામાં રહેતા એક શ્રમિક પરિવારમાં એક વર્ષ પૂર્વે ઘરકંકાસને કારણે પતિ-પત્નીના છૂટાછેડા થયા હતા. ૧૪ વર્ષીય કિશોરી તેના પિતા પાસે રહેતી હતી, પરંતુ અવારનવાર પાંડેસરામાં જ રહેતી તેની માતાને મળવા જતી હતી. આ દરમિયાન માતા સાથે રહેતા તેના સગા મામા આદિત્ય ઉર્ફે સેન્ટી અશોકસિંગ (ઉં.વ. ૨૬)ની દાનત બગડી હતી. જ્યારે કિશોરીની માતા મજૂરી કામ અર્થે ઘરની બહાર જતી ત્યારે આ હવસખોર મામાએ ગત ઓગસ્ટ-૨૦૨૫થી ફેબ્રુઆરી-૨૦૨૬ સુધી સતત સગીરાની એકલતાનો લાભ ઉઠાવી તેની સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું.નરાધમ મામાના સતત શારીરિક શોષણને કારણે કિશોરી ગર્ભવતી બની ગઈ હોવા છતાં પાપી મામા તેની પર અત્યાચાર ગુજારતો રહ્યો હતો. તાજેતરમાં વતનથી સુરત આવેલા કિશોરીના દાદીની નજર પૌત્રીના ફૂલેલા પેટ પર પડતા તેમને શંકા ગઈ હતી. શરૂઆતમાં કિશોરીએ ગભરાઈને ગેસ થયો હોવાનું બહાનું કાઢ્યું હતું, પરંતુ દાદીએ કડક હાથે પૂછપરછ કરતા કિશોરી ભાંગી પડી હતી અને મામાની કાળી કરતૂતોની કથા રડતા રડતા જણાવી દીધી હતી.દાદીએ તાત્કાલિક મેડિકલ કીટ લાવી તપાસ કરતા કિશોરી ગર્ભવતી હોવાનું સ્પષ્ટ થયું હતું. આ સાંભળી પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પરિવારે હિંમત હાર્યા વગર પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગંભીરતા દાખવી ગણતરીના કલાકોમાં જ આરોપી આદિત્ય ઉર્ફે સેન્ટીની ધરપકડ કરી લીધી હતી.

રિક્ષા ચલાવી ગુજરાન ચલાવતા આ નરાધમે પવિત્ર સંબંધોને લજવીને માનવતા મરી પરવારી હોય તેવું કૃત્ય કર્યું છે. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો (POCSO) સહિતની કડક કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગરમીને લીધે અમદાવાદમાં શાળાઓ ફક્ત સવારે ચાલશે

**AMTS** ડેપો પર 25 એર કુલર અને 10 વોટર કુલર મુકાયા

**BRTS** ના 199 સ્ટેશનો પર પાણી-ORS ની સુવિધા કરાઈ

અમદાવાદ : અમદાવાદમાં ઉનાળાએ પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવવાનું શરૂ કરી દીધું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલ 14 એપ્રિલથી 20 એપ્રિલ દરમિયાન શહેરમાં આકરી ગરમી પડવાની શક્યતા છે.

આ સાત દિવસો દરમિયાન મહત્તમ તાપમાન 40થી 41 ડિગ્રી સુધી પહોંચી શકે છે, જ્યારે લઘુત્તમ તાપમાન 23થી 25 ડિગ્રીની વચ્ચે રહેવાનું અનુમાન છે.આ કાળઝાળ ગરમીને પહોંચી વળવા માટે અમદાવાદ મનપા દ્વારા 'હીટ એક્શન પ્લાન' તૈયાર કરવામાં આવ્યો છે.

હોટસ્પોટ પર નજરઃ શહેરના વધુ ગરમી ધરાવતા વિસ્તારો (હોટસ્પોટ)ની માહિતી માટે QR Code અને વેબસાઈટ લિંક તૈયાર કરવામાં આવી છે, જે દર ત્રણ દિવસે અપડેટ થશે. સેવાભાવી સંસ્થાઓના સહયોગથી શહેરમાં 1300થી વધુ પાણીની પરબો શરૂ કરાઈ છે.

આ ઉપરાંત, આંગણવાડીઓ, કન્સ્ટ્રક્શન સાઈટ્સ, કડીયા નાકા અને શ્રમિક નાકા પર પણ પીવાના પાણી અને ORSના પેકેટની વ્યવસ્થા કરવામાં આવી છે. આરોગ્ય સુવિધાઃ તમામ હેલ્થ સેન્ટરો અને હોસ્પિટલોમાં ગરમીથી અસરગ્રસ્ત દર્દીઓ માટે અલગ બેડની સુવિધા ઊભી કરવામાં આવી છે. બાળકોને ગરમીથી બચાવવા માટે શાળાઓ સવારની પાળીમાં કરી દેવામાં આવી છે. શાળાઓમાં દર દોઢ કલાકે 'વોટર બેલ' વગાડી બાળકોને પાણી પીવા પ્રોત્સાહિત કરવામાં આવશે.

મુસાફરો માટે AMTS ડેપો પર 25 એર કુલર અને 10 વોટર કુલર મુકાયા છે. જ્યારે BRTS ના 199 સ્ટેશનો પર પાણી-ORS ની સુવિધા કરાઈ છે.

ટ્રાફિક પોલીસ દ્વારા શહેરના 78 જંકશનો બ્લિંકિંગ મોડ પર રાખવામાં આવશે જેથી વાહનચાલકોએ તડકામાં ઉભા ન રહેવું પડે.

શહેરના 300થી વધુ બગીચાઓ સવારે 6થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લા રાખવાનો નિર્ણય લેવાયો છે. શહેરના મુખ્ય 6 ટ્રાફિક જંક્શનો પર વાહનચાલકોને રાહત આપવા માટે ગ્રીન નેટ લગાવવામાં આવી છે.

### સુડોકુ ૬૪૯૬ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | | ૧ | ૮ | ૩ | ૪ |
| ૧ | | ૭ | ૮ | ૨ | ૪ | | | |
| | | ૪ | ૫ | | | ૭ | ૨ | ૧ |
| ૬ | | ૨ | ૯ | ૭ | | | | ૩ |
| ૪ | ૯ | | ૨ | | ૬ | ૧ | ૫ | ૭ |
| ૭ | | | | | ૩ | ૨ | ૯ | ૬ |
| | ૫ | | | | ૨ | | ૭ | ૮ |
| ૩ | | | | | | ૯ | | |
| ૨ | | ૮ | ૩ | ૯ | | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### આજનું પંચાંગ

**તા. 14/04/2026, મંગળવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : ચૈત્ર
**તિથિ**: વદ: બારસ : 24:13
**અયન** : ઉત્તરાયન **ઋતુ** : વસંત
**રાષ્ટ્રિય દિનાંક** : ચૈત્ર: 24 **યોગ** : શુક્લ
**કરણ**: કૌવલ **નક્ષત્ર** : શતભિષા: 16:07
**રાશિ**: કુંભ (ગ.સ.શ.ષ.)
**દિવસ** : સામાન્ય-ડો. આંબેડકર જયંતી-સૂર્ય મેષમાં -09:33 થી મીનાર્ક કમૂર્તા સમાપ્ત
**સુરતમાં સૂર્યોદય** : 06:22 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:56
**નવકારસી** : 07:10
**પારસી વર્ષ** : 1395 આદર માસનો 03જો રોજ
**મુસલમાન વર્ષ** : 1447 શવ્વાલ માસનો 25મો રોજ
**દિવસનાં ચોઘડિયાં**: રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં**: કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ** : બપોરે :15:00 થી 16:30 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,)**: ઇર્ષાળુ મિત્રોથી નુકસાન થઇ શકે છે. કોઇની વાતોમાં આવીને રોકાણ કરવું નહીં.

**વૃષભ (બ,વ,ઉ,)**: સમાજ અને જાહેર જીવનમાં વિરોધનો અનુભવ થાય. મોજ-શોખના ધંધામાં લાભ.

**મિથુન (ક,છ,ઘ,)**: આયાત-નિકાસ વિદેશ પ્રવાસ કાયદા કાનૂન, ઉચ્ચ શિક્ષણમાં વિઘ્નો આવે.

**કર્ક (ડ,હ,)**: પડવા-વાગવાથી સાવધાન વિશ્વાસઘાત થઇ શકે છે. સરકારી કામમાં ગફલત કરવી નહીં.

**સિંહ (મ,ટ,)**: ભાગીદારી પ્રેમવિવાહ દાંપત્યજીવન અને સામાજિક પ્રશ્નોને લઇને પરેશાની આવી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ,)**: સરકારી નોકરિયાતે લાલચમાં આવવું નહીં. હિત શત્રુઓથી સાવધાન, લેવડદેવડમાં સાવધાન.

**તુલા (ર,ત,)**: વિદ્યાર્થીઓની અશાંતિ વધે. માતા-પિતા સાથે ઘર્ષણ થાય. શેરબજારમાં ધીરજ રાખવી.

**વૃશ્ચિક (ન,ય,)**: જમીન,વારસો, જાયદાદ, મકાન બાબતે માતા-પિતા કે વડીલો સાથે ઘર્ષણ થઇ શકે છે.

**ધન (ભ,ધ,ફ,ઢ,)**: મિત્રો સાથે વિવાદ અને અડોશ-પડોશ સાથે ઘર્ષણ ટાળવું.અચાનક નવી તક મળી શકે છે.

**મકર (ખ,જ,)**: ખાણી-પીણીના ધંધામાં આવક વધશે. વાદ-વિવાદથી ઘરમાં અશાંતિ પેદા થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,)**: પડવા-વાગવાથી સાવધાન પ્રવાસમાં વિઘ્નો આવે. નોકરીમાં જવાબદારી વધે. મન પર ભાર.

**મીન (દ,ચ,ઝ,થ,)**: ગુપ્ત ભય સતાવે. કોઇ કાવતરાના ભોગ બની શકો છો. સરકારી કામમાં વિલંબ થાય.

### દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

#### ઉનાળાનું અમૃત

ઉનાળાનું દસમું અમૃત કેરીની કચુંબર, તડકામાંથી આવ્યા હો તો ગરમી કરે છૂમંતર.

### કોઈ પણ સાલમાં 14 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાજનક પસાર થશે. નોકરીમાં નવી તક ઊભી થાય. આવક વધે. ઉઘરાણી આવે. આરોગ્ય સામાન્ય રહે. સમાજમાં યશ મળે. ધંધા વગેરેમાં હરીફો સાથે વિવાદથી અશાંતિ સતાવે. આર્થિક બાબતે પ્રગતિથી નવા રોકાણ થઇ શકે છે. વારસા, જમીન જાયદાદ, બાબતે વડીલોની મદદ મળે. ઉમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશનાં કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે અનુકૂળતા રહેશે. ટેક્નોલોજીનો લાભ મળે. વધારાની આવક માટેના પ્રયત્નો હકારાત્મક રહેશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મિત્રો-વડીલો વગેરેની મદદ કાયદાકીય-સામાજિક બાબતે મળતી રહે. મે-જૂન-ઓગસ્ટ-સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 05,14,23 તારીખ નવા કામ માટે અનુકૂળ રહેશે. લીલો રંગ વાપરતાં રહેવું જૂન-જુલાઇ, શનિવાર 7, 16, 25 તારીખે નવા કામ ટાળવાં. કાળો અને લાલ રંગ ઓછો વાપરવો.

દેશની સૌથી જૂની પાર્ટી ઉમેદવારી કરવામાં નિષ્ફળ પુરવાર થઇ

# ગણદેવી પાલિકાની ચૂંટણીમાં ૨૪ પૈકી ૨૧ બેઠક ઉપર ભાજપ બિનહરીફ

**કોંગ્રેસે** સમયસર મેન્ડેટ રજૂ ન કરતા તમામ ૨૦ ઉમેદવારએ ઉમેદવારી ગુમાવી

**અપક્ષની** 1 ઉમેદવારી રદ થતા ૨૧ બેઠક ઉપર ભાજપ બિનહરીફ

બીલીમોરા : ચીખલી પ્રાંત કચેરી ખાતે સોમવારે ગણદેવી નગરપાલિકા ચૂંટણીનાં ઉમેદવારોનાં ઉમેદવારી પત્રકોની ચકાસણી હાથ ધરાઈ હતી. જેમાં કોંગ્રેસનાં તમામ ૨૦ ઉમેદવારોના ઉમેદવારી પત્રકો રદ થયા હતા. જેના કારણમા તમામમાં સમયસર મેન્ડેટ મુકાયા ન હતા. તે સાથે કેટલાક ફોર્મમાં સોગંદનામાનો પણ અભાવ હતો. આમ દેશની સૌથી જૂની પાર્ટી ઉમેદવારી કરવામાં નિષ્ફળ પુરવાર થઇ હતી.

ચીખલી પ્રાંત અને ચૂંટણી અધિકારી મિતેષ પટેલે સોમવારે ગણદેવી નગરપાલિકા ચૂંટણીનાં ઉમેદવારી પત્રકોની ચકાસણી હાથ ધરી હતી. જેમાં કોંગ્રેસનાં ઉમેદવારનાં ૧૦૦ ટકા ઉમેદવારી પત્રકોમાં સમયસર મેન્ડેટ ન મુકાતા તમામ ઉમેદવારી પત્રક રદ થયા હતા. આ ઉપરાંત કેટલાક ઉમેદવારી પત્રકમાં સોગંદ નામાનો અભાવ પણ હતો. આ ઉપરાંત વોર્ડ નં. ૫ માં અપક્ષ ઉમેદવાર નિતાબેન વિનોદભાઈ સુર્વેનું ઉમેદવારી પત્રક પણ રદ થયું હતું. જેમાં ટેકો આપનાર અને દરખાસ્ત કરનાર બે જગ્યામાં એક જ વ્યક્તિ હોવાનું કહેવાય છે.

ક્રમ નંબર પણ મિસમેચ હતા. જેને પગલે પાલિકાની કુલ ૨૪ બેઠકો પૈકી ૨૧ બેઠકો ઉપર ભાજપને સીધો ફાયદો થયો હતો. હજુ બુધવારે ઉમેદવારી ખેંચવાનો દિવસ છે. ત્યાં સુધીમાં ગણદેવી નગરપાલિકા ચૂંટણી સમરસ બનવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

### આ ૨૧ ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થશે

(વોર્ડ નં ૧) ભરત લાડ, પ્રિયંકા હળપતિ, સારિકા પટેલ (વોર્ડ નંબર ૨) ભાનુબેન પટેલ, જયલક્ષ્મી ગાજુલ, પીન્કેશ હળપતિ, રવિ પટેલ (વોર્ડ નંબર ૩) રેખા હળપતિ, અલ્લારખી કુરેશી, ઉઝેર માસ્ટર, કીર્તિકુમાર ચાંપાનેરી (વોર્ડ નંબર ૪) જ્યોતિ ઢીમ્મર, નિશા સોલંકી, ધર્મેશ હળપતિ (વોર્ડ નંબર ૫) સરસ્વતી પટેલ, અનિતા ભંડારી, નીરવ સગર, પિનાકીન પંડ્યા (વોર્ડ નંબર ૬) શહેનાશબાનુ કોથાવાલા, હિરેન તલાવ્યા, રિઝીનાબાનું શેખ